R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 19•ISSUE: 31 DATE: 01-08-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય : ૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## લોકલાડીલા મિસાઇલમેન અને ભુતપુર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામને અશ્રુભરી વિદાય



દેશના મહાન વિજ્ઞાની,ભારત રત્ન, ભુતપુર્વ રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામને સમગ્ર રાષ્ટ્રએ ભાવભીની વિદાય આપી હતી.ડો.કલામના વતન રામેશ્વરમ ખાતે ભારત માતા કી જ.ના નારા વચ્ચે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.દેશ અને વિદેશોમાથી ડો. કલામને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ઉપરોકત તસવીરમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી,ડો.કલામને ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પિત કરી રહ્યા છે.ડો.કલામના વતન રામેશ્વરમ ખાતેની મસ્જીદમાં નમાઝ-એ-જનાઝા થયા બાદ બંદુકની સલામી સહિત સંપુર્ણ લશ્કરી સન્માન સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.દફનવિધિના સ્થાન પર પણ નમાઝે-એ-જનાઝા પઢવામાં આવી હતી. તેમની અંતિમ વિદાયમાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પણ તેમની અતિમ વિધિમાં હાજર રહ્યા હતા.



ડો.કલામની અતિમ વિધિમાં હાજરી આપવા માટે અનેક સામાન્ય લોકો પણ ઉમટી પડ્યા હતા. તેમના અતિમ દર્શને આવેલી ભીડે શિસ્ત પુર્વક તેમના નેતાની અંતિમ વિધિમાં સાથ અને સહકાર આપ્યો હતો.ડો. કલામની તેમના વતન ખાતે લોકોમાં ભારે માન અને સન્માન હતું તે તેમની અંતિમ વિધિમાં હાજર રહેલા નાગરિકો ઉપરથી ખ્યાલ આવે છે. ભારત એક મહાન સપુત ગુમાવ્યો છે.અને તેની ખોટ ક્યારેય પુરાશે નહી.

## ભારતના ભુતપુર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામનું નિધન



૮૪ વર્ષના ભુતપુર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ આઇઆઇએમ શિલોંગમાં વ્યાખ્યાન આપવા ગયા હતા ત્યાં વ્યાખાન આપતાં આપતાં જ તેમને હૃદયરોગનું હુમલો આવતાં તેમનું નિધન થયું હતું.

તેમના નિધનને કારણે ભારત સરકાર દ્વારા સાત દિવસનો રાષ્ટ્રિય શોક જાહેર કરવામાં આવ્યો હતો. તેમની અંતિમ વિધિ તેમના વતન રામેશ્વરમ ખાતે કરવામાં આવશે.તેવું સમાચારોમાં જણાવાયું હતું.

## પંજાબમાં બે દાયકા બાદ આતંકવાદ ફરીથી બેઠો થયો

પંજાબમાં આતંવાદનો ખાત્મો થયાના બે દાયકા વિતી ગયા બાદ તાજેતરમાં પાકિસ્તાનની સરહદથી ૧૦ કીમી દુર આવેલા ગુરુદાસપુર જિલ્લાના દિનાનગર ખાતે ત્રાટકેલા આતંકવાદીઓએ સાત સ્થળોએ હુમલો કર્યા હતો. જેમાં૧૩ લોકોના મોત નિપજયા હતા.દિનાનગર પોલીસમથકમાં ભરાયેલ આતંકવાદીઓ સાથે ચાલેલી લગભગ ૧૧ કલાકની લાંબી લડાઇ બાદ આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા.તેમજ દિનાનગર પઠાણકોટ રેલ્વે લાઇન પર પાંચ આઇઇટી વિસ્ફોટકો ફીટ કર્યા હતા તે નહીં ફુટતા મોટી જાનહાનિ થતાં અટકી છે.

આ ઘટનાને પગલે પંજાબ અને દેશમાં હાઇ એલર્ટની સુચના અપાઇ છે.કેન્દ્ર સરકાર અને ઇન્ટેલીજન્સ પર વિપક્ષોએ એક જુથ થઇને ભારે હોબાળો મચાવ્યો હતો.જો કે આપણુ તંત્ર એકદમ પાંગળુ બની ગયું છે.તેમાં લેશમાત્ર શંકા નથી. માત્ર ૫૬ની છાતીની વાતો કરનારાઓ નબળા માલુમ પડ્યા છે.આ હુમલા બાદ લોકોમાં સત્તાધારી પક્ષની બડાસો બાબતે છુપો રોષ વ્યાપી ગયો છે.

## ગુજરાતમાં સર્વત્ર વરસાદે મન મુકીને વરસવાનું ચાલુ રાખ્યું

ગુજરાતમાં કચ્છથી માંડીને દક્ષિણ ગુજરાત સુધી તમામ વિસ્તારોને પાણીથી તરબોળ કરી દીધા છે. કચ્છમાં હમીરસર તળાવનુ છલકાવું એ એક અગત્યની બાબત કચ્છીઓ માટે છે.તેની તો ઉજવણી થાય છે. બનાસકાંઠા, સાબરકાંઠા વિસ્તારોમાં પણ વરસાદે માઝા મુકીને વરસ્યો છે.છેલ્લા કેટલાક સમયથી વરસાદ ખેચાતાં લોકોને વરસાદ પડશે કે કેમ તેની આશંકાઓ રહેલી હતી. પરંતુ હવે જ્યારે તે વરસવા માંડ્યો છે ત્યારે લોકો વરસાદે મચાવેલા કેરથી તોબા પોકારી ગયા છે.હજુ પણ ધીમ ધીમે વરસતો જાય છે.નદી નાળાં,તળાવડાં,ડેમો છલકાવા માંડ્યા છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશના ઈતિહાસમાં સહુ પ્રથમ વાર રાત્રે સુપ્રીમ કોર્ટના દરવાજા ઉઘાડવા પડ્યા અને તે યાકુબ મેમણની ફાંસીના મામલે.મેમણના બચાવમાં ઉતરેલા તમામ વરિષ્ઠ વકીલો અને દેશના કેટલાક નામી અનામી લોકોએ મેમણની ફાંસીનો વિરોધ કર્યો હતો.મુંબઇના વિસ્ફોટો માટે દોષિતોને સજા થવી જોઇએ તેમાં ના પાડી શકાય તેમ નથી. પરંતુ ખરેખર કોણ દોષિત હતુ તે પણ સાબિત થઇ ચુક્યું છે. ટાઇગર મેમણ અને બીજા કેટલાક લોકો,પરંતુ આપણે તેમને ન્યાયના કઠેડામાં લાવી શક્યા નથી માત્ર મદદગારી કરનારા અને કેસની તમામ માહીતી પુરી પાડનારને,મુક્તિ આપવાનીં બાંહેધરી આપવામાં આવી છતાં ફસાવીને ફાંસી આપી દેવાઇ તે ખરેખર પ્રશાંત ભુષણના શબ્દોમાં લોકશાહી માટે દુઃખદ દિવસ ગણાય તેમ કહી શકાય.રામ જેઠમણાલી જેવા વરિષ્ઠ વકિલ જેઓ ભારતીય જનતા પાર્ટીના સીનીયન નેતા છે તેમણે પણ આ નિર્ણયનો વિરોધ કર્યો હતો. તેઓ કાયદો અને કાયદાની વિશિષ્ઠ સમજ ધરાવનાર સીનીયર વકીલ છે.

યાકુબને આત્મસર્મપણ કર્યા બાદ સરકારે તેમને આપેલ બાંહેધરીનો અમલ કર્યો નહી તેવી વાત પણ વહેતી થઇ છે.રાવ સરકારે એવી ડીલ કરી હતી કે આત્મસર્મપણ કર્યા બાદ પરિવારની મહિલા સભ્યોની ધરપકડ કરવામાં આવશે નહીં અને તેમને જામીન પર મુક્ત કરી દેવાશે.માત્ર પુરુષોની જ ધરપકડ કરવામાં આવશે.જામીન અરજીઓ માટે સીબીઆઇ વિરોધ કરશે નહીં. પરંતુ બીજા જ દિવસે સીબીઆઇએ વિરોધ કરી જામીન મળતા અટકાવ્યા.સરકારે સ્ટેન્ડ બદલી નાંખ્યું.

ઓવૈસીના કહેવા પ્રમાણે નરોડા પાટીયાના મુખ્ય સુત્રધારો માયાબેન કોડનાની અને બાબુ બજરંગી ગુનેગાર સાબિત થઇ ચુક્યા છે. તો પછી તેમને ફાંસી કેમ નહી. કર્નલ પુરોહિત અને સાધ્વી પ્રજ્ઞા ઠાકુરની સામે કેસો સીબીઆઇની નીતી બદલાઇ ગઇ છે.માત્ર મેમણના કેસમાં સરકાર ઉતાવળી છે.અન્યો માટે નહી?

સવાલો ઉઠવાના તેમાં હરેકના મનમાં અનેક પ્રશ્નો છે.ગુનેગારોને સજા મળવી જ જોઇએ તેમાં કોઇ લેશમાત્રને શંકા ન હોવી જોઇએ. પરંતુ એક ગુનેગારને ફાંસી મળી જાય અને અન્યોને રાહત મળે અને છુટી જાય તે પ્રકારની વ્યવસ્થા યોગ્ય ન કહેવાય.લોકશાહી પ્રણાલી માટે આ યોગ્ય નથી.તેથી અનેક વરિષ્ઠ વકીલોએ પોતાની લાગણીઓ વ્યક્ત કરી છે. કેટલાકે તેનો કડવો વિરોધ કર્યો છે. જ્યાં જ્યાં તપાસ પંચો નિમાયા છે તેને અહેવાલો જાહેર થયા નથી. ગુજરાતમાં નાણાવટી કમિશનનો અહેવાલ જાહેર કરાયો નથી. એજ રીતે મહારાષ્ટ્રમાં કૃષ્ણપંચનો અહેવાલ જાહેર કરવામાં આવ્યો નથી. પંચો નિમાય અને તેની પાછળ કરોડનું આંધણ થયા પછી લોકોને જાણવાની ઇન્તજારી અચુક રહે કે સત્ય બહાર આવ્યું કે નહી ?

ખરેખર કેટલાક ગુનેગારોને દેશમાં પાછા લાવવાની જોર શોરથી જાહેરાત ભુતકાળમાં ચુંટણી દરમિયાન થઇ હતી.પરંતુ હજુ સુધી તેઓ આ લોકો સુધી પહોચી શક્યા નથી.એ સરકારની કમજોરી છે. તેમને કોણ રોકે છે. પકડી લાવો અને તેમની સામે કેસ ચલાવોય

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૯,૨૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## આવકવેરાના પંચાવન વર્ષના ઇતિહાસમાં સહુ પ્રથમ વાર આઇટી રીર્ટન તૈયાર નથી

ભારતીય જનતા પાર્ટીને સત્તા પર આવ્યા બાદ નાણા મંત્રી અરુણ જેટલીએ સરકાર માટે વધુ લોકો આવકવેરો ભરે તે માટે કરેલી કસરતમાં હજુ સુધી રિર્ટનના ઠેકાણા પડ્યા નથી.આ પહેલા રિર્ટન બદલીને ૩૦ જેટલા પેજનું કરી દેવાયું પરંતુ ચારે બાજુ ભારે શોરબકોર અને વિરોધ થતાં સરકારે તે રિર્ટન પાછું ખેચવુ પડ્યું.ત્યારબાદ ફરીથી જાહેરાત કરવામાં આવી કે થોડા સમયમાં નવું રિર્ટન લોકો સમક્ષ મુકવામાં આવશે જે ભરવામાં સહેલું હશે.પરંતુ તેનો ભારે વિરોધ થયો.ફરીથી ખાત્રી આપવામાં આવી કે થોડા સમયમાં નવું આઇટી રીર્ટન આવી જશે. પરંતુ ૫૫ વર્ષમાં પહેલી ઘટના એવી બની કે સરકાર પાસે આઇટી રીર્ટન તૈયાર નથી.રિર્ટન ૩,૪,૫,૬ હજુ બહાર પાડી શકાયા નથી.સીબીડીટીએ પહેલા ફોરમેટમાં ફેરફાર કર્યા પછી નિયમોનો અમલ મોકુફ કરી દીધો.સીબીડીટી આવકવેરાના અધિકારીઓને સુચના આપતાં પરિપત્રો બહાર પાડ્યા કરે છે અને અધિકારીઓ પણ આવા પરિપત્રોથી ટેવાઇ ગયા છે.પરિપત્રોને કોઇ ગાંઠતુ નથી.હવે પરિસ્થિતિ એવી છે કે ૨૨ જુલાઇ ૨૦૧૫ સુધી રિટર્ન બહાર પડ્યા નથી અને ૩૧ ઓગષ્ટ ફાઇલ કરવાની છેલ્લી તારીખ છે.

સીબીડીટીએ આઇટીઓ ૧,૨ અને ૪ એસ બહાર પાડ્યા હતા. અને તેની ગાઇડલાઇન પણ નક્કી કરી હતી. આ રિર્ટન બહાર પાડી દેવામાં આવ્યા છે જે સામાન્ય રીતે પગારદાર,વ્યાજની આવક અને ચોપડા ન રાખતા વેપારીઓ માટેનો પણ આઇટીઓ ૩,૪,૫,૬ અને ૭ની યુટીલીટી પણ બહાર પડી નથી. જેના કારણે બેંકની લોન, વિઝા માટે કે અન્ય નવા બિઝનેસ માટે રિટર્ન કરદાતા રજુ કરી શકે નહી. ૧૯૬૧માં ઈન્કમટેક્ષનો કાયદો આવ્યો ત્યારથી અત્યાર સુધીમાં એવું બન્યું નથી કે રિટર્ન બહાર પડ્યા ન હોય. એપ્રિલ મહિનામાં ડિકલેર થઇ જતાં રિટર્ન હજુ સુધી જાહેર કરાયાં નથી.

આઇટીઆર-૩ ભાગીદારો,આઇટીઆર ૪, વેપાર ધંધાના જેમકે વકીલો,ડોકટરો, આઇટીઆર -૫ ભાગીદારી પેઢી, આઇટીઆર-૬ ટ્રસ્ટો અને આઇટીઆર-૭ કંપનીઓ માટેના છે.આ તમામ કરદાતાઓને મોટા નુકશાન થઇ રહ્યા છે.કોઇ વેપારીઓ એસોસીએસનો સીબીડીટીને પત્ર લખીને જાણ કરવા તૈયાર નથી કે વેપારીઓને નુકશાન થાય છે.કરદાતાઓના હિતની વાતો કરતાં જુદા જુદા સંગઠનો પાણીમાં બેસી ગયા છે.કારણકે તેમની વખાણેલી સરકાર છે અને હવે તેમની સામે કોઇ બોલી શકે તેમ નથી.

## સમગ્ર દેશમાં ગુજરાત મોડલ લાગુ કરવા પાછળ ભાજપની મંચ્છા

સંસદનું ચોમાસુ સત્ર તોફાની બન્યું.વિપક્ષોને કૌભાડીઓના રાજીનામાંથી ઓછુ કંઇ ખપતું નથી. અને સરકારને મંત્રીઓની કુરબાની ચઢાવવી નથી.પરિણામે હવે ભાજપે દેશમાં બધે ગુજરાત મોડલ લાગુ પાડવાની જાહેરાત કરી છે.ભાજપે લોકસભાની ચુંટણીઓમાં જે પ્રકારે કૌભાંડો ચગાવ્યા અને સત્તા છીનવી લીધી તે પ્રકારે વિપક્ષો તેમને કૌભાંડો અને અન્ય બાબતોમાં શુળીએ ચઢાવે તે માન્ય નથી.યુપીએના સત્તાધીશો કાચા હતા તે બલીના બકરા બની ગયા પરંતુ ભાજપની નેતાગીરીને તે માન્ય નથી.

સહુ પ્રથમ સત્તાધારી પક્ષે મીડીયાને સરકારી ઓફીસોમાં આવન-જાવન પર પ્રતિબંધ લાદી દીધો.માત્ર સરકારી પ્રવક્તા આપે તેજ માહીતી લેવાની અન્યથા મેળવેલ માહીતી માટે ગુનેગાર ઠેરવી શકાય.જેથી વિરોધ પક્ષો પાસે કોઇપણ પ્રકારની કૌભાંડોની માહીતી કે પુરાવા પહોચી ના શકે.ગુજરાત વિધાનસભામાં વિપક્ષોના સભ્યોને ગૃહમાં વિરોધ પ્રદર્શન કરે કે વેલમાં ધસી જાય તો ટ્રેઝરી બેંચ પરથી આ સભ્યને સમગ્ર સત્ર દરમિયાન સસ્પેન્ડ કરવાની દરખાસ્ત રજુ થાય અને પસાર કરી દેવામાં આવે.કટોકટી કરતાં પણ વધુ ગંભીર બાબત કહેવાય.જે સભ્યને વિધાનસભામાં બેસવા માટે લોકોએ ચુંટીને મોકલ્યા છે. તેને રજુઆત કરતાં રોકવો અને સત્રમાંથી કાઢી મુકવો, કે સસ્પેન્ડ કરવો એ કેવી પ્રકારનો કાયદો છે.ગુજરાતમાં આ મોડલ વિકસાવાયું અને હવે દેશભરમાં વિપક્ષો માટે આજ હથિયાર વાપરવામાં આવશે. જેથી સંસદમાં પણ તેવુ કરવામાં આવશે. વિપક્ષો બહાર પછી કોઇપણ તેમની તરફેણનો કાયદો સર્વાનુમતે પસાર.સરમુખત્યારશાહી જેવો બેનમુન નમુનો. આને લોકશાહીનો વિકાસ કહેવાય અને આવો તરકદી વિકાસ કરનારાઓ વિકાસના શિલ્પીઓ ગણાય.દેશની કમનસીબી છે કે મતદારાઓ લોકશાહીના વસ્ત્રાહરણ કરનારાઓને ઓળખ્યા નહી.સંસદમાં કે વિધાનસભાઓમાં તોફાનો કરવાની અને કાર્યવાહી ખોરવી નાંખવાની પ્રક્રિયાના પ્રણેતાઓ આજે સત્તા પર બેઠેલા લોકો છે. હવે તેમને તેમની ઉભી કરેલી પ્રણાલિ નડી રહી છે.

## ખેડુતોના શ્રાપથી સર્વનાશ સર્જાશે : શિવસેના

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીશે કૃષિ લોન માફ કરવાની માંગ ફગાવી દેતા શિવસેનાએ મહારાષ્ટ્ર સરકારને ચેતવણી આપતાં કહ્યું છે કે ખેડુતોના શ્રાપથી સર્વનાશ સર્જાશે. સરકાર ખેડુતોના આર્શીવાદથી જ સત્તા પર આવી છે.એ ખેડુતો જ સરકારને પાયમાલ પણ કરી નાંખશે. ખેડુતોની સ્થિતિ કોઇના ઘર આંગણે ઉભેલા ભિખારી જેવી ન હોવી જોઇએ.

તાજેતરમાં નેશનલ ક્રાઇમ બ્યુરો દ્વાર બહાર પાડવામાં આવેલ આંકડાઓ મુજબ મહારાષ્ટ્રમાં સૌથી વધુ ખેડુતોએ આત્મહત્યા કરી છે. ખેડુતોના પર દેવાનો બોજ વધ્યો છે તેના કારણે તેઓ આત્મહત્યા કરવા પ્રેરાય છે. જેથી શિવસેનાએ મહારાષ્ટ્ર સરકારને વિનંતી કરી હતી કે કૃષિ અંગે ખેડુતોને આપેલ કરજ માફ કરવા જોઇએ. જો કે તેમની આ માંગ મહારાષ્ટ્ર સરકારે ફગાવી દીધી હતી.શિવસેના મહારાષ્ટ્રમાં સત્તામાં ભાગીદાર પણ છે.

હવે પરિસ્થિતિ એથી વધુ વિપરિત બની શકે છે કારણે અતિ વરસાદને કારણે મોઘાભાવનું બિયારણ તણાઇ ગયું છે.

## જાણવા જેવું !

વ્હાઇટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઇટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદે તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.૧૯૦૨માં તેનું નામકરણ વ્હાઇટ હાઉસ કરવામાં આવ્યું.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઇ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

# ગોરખધંધા કરતી હોટેલ્સના લાયસંસ રદ કરો : મુખ્યમંત્રી

રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા અમદાવાદમાં ખાસ કરીને શાળા કોલેજોની આસપાસ હાટડીઓની જેમ ખુલેલી હોટેલ્સ અને ગેસ્ટ હાઉસમાં ચાલતી બદીઓ પાછળ પોલીસની મીઠી નજર સામે તેમણે ખુલ્લો પડકાર ફેંક્યો છે અને કહયુ છે કે ગોરખ ધંધામાં સામેલ તમામ ગેસ્ટ હાઉસો અને હોટેલ્સના લાયસંસ રદ કરી દેવાની અને તેમને દંડ કરવાની સુચના આપી છે.

તાજેતરમાં રાણીપ પોલીસ સ્ટેશનથી થોડાક દુર આવેલી કિંગ્સ પેલેસ હોટેલમાં બનેલી એક કોલેજ કન્યાની ઘટનાએ તેમને આ બાબતે પ્રેર્યા છે.તેમણે કહ્યુ હતું કે યુવતિઓએ સ્વરક્ષણની તાલીમ લેવી જોઇએ.તેઓ સરકારી પોલી ટેકનીક ગર્લ્સ કોલેજના ૫૧માં વર્ષમાં પ્રવેશની ઉજવણી નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં તેઓ બોલી રહ્યા હતા ત્યારે આ જણાવ્યું હતું.

શહેરના પોલીસ કમિશ્નરે જારી કરેલા હુકમો મુજબ શહેરની પોલીસો દોડતી થઇ ગઇ છે અને તમામ ગેસ્ટ હાઉસો અને હોટેલ્સ તેમની જાણકારીમાં છે તેમને સુચના આપવા લાગી છે.વ્યાપક ભ્રષ્ટાચાર ચાલતો હોવાથી જેટલી વધુ કડકાઇ કરવામાં આવે તેટલા હપ્તાનું પ્રમાણ વધે.શહેરોની હોટેલ્સ અને ગેસ્ટ હાઉસોની ધીકતી કમાણી બે કલાક કે ચાર કલાકના ગ્રાહકો આધારિત જ હોય છે.એમાં કોઇ નવાઇ નથી.

# મુંબઇના મેયરે વડાપ્રધાન મોદીને હિટલરની ઉપાધી આપી

મુંબઇના મેયર અને શિવસેનાના નેતા સ્નેહલ અંબેકરે વડાપ્રધાન મોદીની સરખામણી હિટલર સાથે કરીને વિવાદ સર્જ્યો હતો.સાથી પક્ષ હોવા છતાં અવારનવાર તેમની ટીકા થતી હોય છે.જો કે તેમણે હિટલર સાથે કરેલી સરખામણી બાદ બેઉ પક્ષો વચ્ચેના સબંધોમાં તંગદીલી ઉમેરાઇ છે.

એક અખબારને આપેલા ઇન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું કે હું મોદી પર ભરોસો કરીને કામ કરવાની પધ્ધતિની પ્રશંસક છું. પરંતુ કેટલાક અંશ તેમની કામ કરવાની સ્ટાઇલ જર્મન તાનાશાહ હિટલર જેવી છે.જ્યારે શક્તિ કોઇ એક હાથમાં હોય ત્યારે આમ થવું સ્વાભાવિક છે.જ્યારે બીજી બાજુ શિવસેનાના સાંસદ સંજય રાવતે રાહુલ ગાંધીની પ્રશંસા કરતાં કહ્યું હતું કે તેઓ છેલ્લા કેટલાક મહિનાઓ થી આક્રમક બન્યાછે.દેશને મજબુત વિપક્ષની જરુર છે.

ચરકને વિશ્વના સૌથી મહાન વૈદ્ય માનવામાં આવે છે.તેમના દ્વારા લિખિત ગ્રંથ ચરકસંહિતાને વિશ્વના બહોળા દેશોમાં અનુસરવામાં આવે છે.આધુનિક ચિકિત્સાશાસ્ત્રના પાયા આયુર્વેદમાં રહેલા છે.


**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# ગુજરાતમાં વર્ષ ૨૦૧૪માં ૪૫ ખેડુતોએ આપઘાત કર્યા : નેશનલ ક્રાઇમ બ્યુરોએ આંકડા જાહેર કર્યા

આપણા દેશમાં ગત વર્ષે કુલ ૫૧૭૮ ખેડુતોએ કોઇના કોઇ કારણોસર આપઘાત કર્યાના ચોકાવનારા આંકડાઓ જાહેર થયા છે.જે પૈકી ગુજરાતના ૪૫ ખેડુતોએ આપઘાત કર્યા એવા અહેવાલો છે.સરકારી આંકડા એવું કહે છે કે ગત વર્ષે ૮૬૮ ખેડુતો એવા હતા કે જેમનો પાક નિષ્ફળ ગયો તેથી તેમણે આપઘાત કર્યા હતા.જ્યારે ૧૧૧૨ ખેડુતોએ ભારે દેવાના ડુંગરો નીચે દબાઇ જતાં આપઘાત કર્યા હતા.

નેશનલ ક્રાઇમ બ્યુરોના જાહેર થયેલા આંકડામાં વર્ષ ૨૦૧૪માં ખેડુતોના આંકડાઓ ચોકાવનારા છે.પાયમાલીના કારણે ખેડુતોના આપઘાતના કિસ્સાઓમાં મહારાષ્ટ્ર અવ્વલ નંબરે છે.મહારાષ્ટ્રના વિદર્ભ સહિતના જિલ્લાઓમાં દુષ્કાળના ડાકલા અને રાજ્ય સરકારની મદદ પહોચડાવાની શક્તિના અભાવે ગત વર્ષે ૨૬૮ ખેડુતોએ મહારાષ્ટ્રમાં આપઘાત કર્યા હતા. એનસીઆરબીના આંકડા પ્રમાણે દેશમાં ગત વર્ષે પાક નિષ્ફળ જતાં કે દુષ્કાળને પગલે કુલ ૮૬૮ ખેડુતોએ પોતાનુ જીવન ટુંકાવ્યું હતું. જ્યારે ૧૧૧૨ ખેડુતોએ કોઇના કોઇ દેવાના ભાર તળે જીંદગી ટુકાવી દીધી હતી.

ગુજરાતના કેસમાં ૩ સીમાંત, ૮ નાના ખેડુતો અને ૩૦ જેટલા મધ્યમ કક્ષાના ખેડુતોએ આપઘાત કર્યા હતા.મોટા ગજાના ખેડુતો પૈકી એક મહિલાનો સમાવેશ થાય છે.અરુણાચલ પ્રદેશ,બિહાર, ગોવા,ઝારખંડ,મણીપુર,મેઘાલય, રાજસ્થાન ,નાગાલેન્ડ,મીઝોરામ, ત્રીપુરા,ઉત્તરાખંડ,અને પશ્ચિમ બંગાળ, ચંદીગઢ,દાદરા અને નગર હવેલી,દીવ,દમણ લક્ષ્યદીપનો સમાવેશ થાય છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


# લોક લાડીલા મિસાઇમેન એપીજે અબ્દુલ કલામ અનંતની યાત્રાએ



ભારતના ભુતપુર્વ રાષ્ટ્રપતિ,ખ્યાતનામ વૈજ્ઞાનિક અને મિસાઇલ મેન તરીકે ઓળખાતા એપીજે અબ્દુલ કલામ કાયમ માટે અલવિદા કહી ગયા.શિલોંગની આઇઆઇએમમાં લેકચર આપી રહ્યા હતા ત્યારે હૃદયરોગનો હુમલો આવ્યો અને તેમનું નિધન થયું. તેઓ ૮૪ વર્ષના હતા.તેમની જીવન ઝરમર પર ઝાંખી કરીએ તો તે નીચે મુજબ છે.

તેઓનો જન્મ ૧૫ ઓકટો.૧૯૩૧ના રોજ દક્ષિણ ભારતના તામિલનાડુના રામેશ્વરમ ખાતે થયો હતો. તેમના પિતા વ્યવસાયે નાવિક હતા.અને ખાસ ભણતર નહોતું.તેઓને પાંચ ભાઇઓ અને પાંચ બહેનોનો પરિવાર હતો.પરિવાર ચલાવવા માટે પિતાની આવક મર્યાદિત હતી. તેથી તેઓ પોતે સમાચાર પત્રો વેચતા હતા.

એરોસ્પેશ ટેકનોલોજીમાં આવવા પાછળ તેઓ પોતાના પાંચમાં ધોરણના શિક્ષક સુબ્રમણ્યમને આધાર ગણતા હતા.૧૯૬૨માં ઇસરોના પ્રોજેકટ ડાયરેકટર તરીકેની તેમની અધ્યક્ષતામાં ભારતે પોતાનું પ્રથમ સ્વદેશી ઉપગ્રહ પ્રક્ષેપણ યાન એસએલવી-૩ બનાવ્યું હતું. તેમણે અગ્નિ અને પૃથ્વી જેવી સ્વદેશી ગાઇડેડ મિસાઇલ્સ તૈયાર કરી હતી.૧૯૯૨થી ૧૯૯૯ દરમિયાન તેઓ સંરક્ષણ સલાહકાર રહ્યા અને આ સમયગાળામાં વાજપેયી સરકારે પોખરણમાં બીજુ અણું પરિક્ષણ કર્યું.

કલામે વિક્ષાન ક્ષેત્રે ભારતને અત્યાધુનિક બનાવવા માટે વિઝન ૨૦૨૦ આપ્યું. કલામના અધ્યક્ષતા અને માર્ગદર્શન હેઠળ પૃથ્વી,ત્રિશુલ,આકાશ અને નાગ નામની મિસાઇલ ભારતે તૈયાર કરી અને ભારતે રશિયા સાથે મળી બ્રહ્માસ લિમિટેડની સ્થાપના કરી.તેથી તેમને ભારતના મિસાઇલ મેન તરીકેની પ્રસિધ્ધિ મળી.

૧૯૮૧માં ભારત સરકારે તેમને પધ્મભુષણ,૧૯૯૦માં પધ્મ વિભુષણ તેમજ ૧૯૯૭માં ભારત રત્ન એવોર્ડ પ્રદાન કર્યા હતા.

રાષ્ટ્રપતિ તરીકે અબ્દુલ કલામની જેટલી પ્રશંશા કરવી પડે તેટલી ઓછી પડે. તેમણે રાષ્ટ્રપતિ તરીકે એક ઉમદા ઉદાહરણ પુરુ પાડ્યું હતું.તેઓ ભારતના સાચા પ્રતિક,આદર્શ નાગરિક અને સૌથી હકારાત્મક ભારતીય હતા. રામેશ્વરમના ગરીબ માછીમાર પરિવારમાં જન્મેલા કલામ આકરી મહેનતથી સફળતાના શિખરે પહોચ્યા હતા.તેઓ સાચા અર્થમાં બહુમુખી વ્યક્તિત્વ ધરાવતાં હતા. મુસ્લીમ હોવા છતાં કલામે કુરાનની સાથે ભગવદ્ ગીતાને પણ એટલી જ માન્યતા આપતા હતા.યંગ ઇન્ડીયા માટે બેસ્ટ સેલર પુસ્તકો લખનાર કલામ વીણા પણ સારી રીતે વગાડી શકતા હતી.

તેમણે કહ્યું હતું કે સપના જોવા જરુરી છે. પણ સપના જોઇને તેને હાંસલ નથી કરી શકાતાં, સૌથી જરુરી છે જીંદગીમાં ખુદના માટે કોઇ લક્ષ્ય નક્કી કરવું.જે લોકો જવાબદાર,સરળ, ઇમાનદાર તેમજ મહેનતી હોય છે તેને ઇશ્વર દ્વારા વિશેષ સન્માન મળે છે.કેમકે માનવી એ ઇશ્વરની શ્રેષ્ઠ રચના છે.

આપણે એક મહાન વ્યક્તિને ગુમાવ્યો છે. દેશ માટે સાચો માર્ગદર્શક હતો.તેમના નિધને દેશને ભારે ખોટ પડી છે. તેમજ યુવાનોને નવી રાહ ચીંધનાર એક મહાન વ્યક્તિ એપીજી અબ્દુલ કલામ હવે આપણી વચ્ચે નથી.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# આજીવન કારાવાસની સજા પામેલા કેદીઓ માટે રાહત આપતી સુપ્રીમ કોર્ટ

તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા કેટલીક શરતો સાથે આજીવન કારાવાસની સજા પામેલા કેદીઓ માટે રાહતનો દ્વાર ખુલ્લો મુક્યો હતો.તેણે રાજ્યોને સત્તા આપી છે કે જો કોઇ કેદીએ ૧૪ વર્ષથી વધુની કારાવાસની સજા કાપી હોય તો તેઓ તેની સજા માફ કરી શકે છે. જો કે અગાઉ ગત વર્ષે ૧૪ જુલાઇએ સુપ્રીમ કોર્ટે રાજીવ ગાંધી હત્યા કેસના દોષિતોને છોડી મુકવાના તામિલનાડુ સરકારના નિર્ણય પર સ્ટે આપ્યો અને આજીવન કારાવાસ ભોગવી રહેલા કેદીઓને તેમની સજામાંથી મુક્તિ આપવાના રાજ્યોના અધિકાર પર પ્રતિબંધ મુક્યો હતો. આ કેદીઓએ જેલમાં ૨૨ વર્ષથી વધુની સજા ભોગવી છે.

આને કારણે જેલમાં ૧૪ વર્ષની સજા કાપી ચુકેલા આજીવન કારાવાસની સજા પામેલા કેદીઓને છોડી મુકવાની રાજ્યોની પરંપરાગત સત્તા પર પ્રતિબંધ આવી ગયો હતો. જો કે સુપ્રીમે તાજેતરમાં આ સ્ટે ઉઠાવી લીધો હતો.પરંતુ એવી સ્પષ્ટતા કરી છે કે જાતીય ગુનાના કેસોમાં દોષિતોને આજીવન કારાવાસની સજા થઇ હોય તો તેને આ નિયમ લાગુ પડશે નહી.

# ‘ઘર વાપસી’કાર્યક્રમ કરનારા વિહિપના નેતાને દુર કરાયા

વિશ્વ હિંદુ પરિષદે તેમના સંયોજક અજ્જુ ચૌહાણને તેમના પદ પરથી હટાવી દીધા છે.આગ્રામાં ૨૦૦ મુસલમાનોની ઘરવાપસીના કાર્યક્રમ પાછળ અજ્જુ ચૌહાણનો હાથ હતો.સંગઠનના આદેશનું પાલન ન કરાયું હોવાથી તેમને પદ પરથી હટાવાયા હોવાનું કહેવાય છે. ચૌહાણ લવ જેહાદ વિરુધ્ધ પત્રીકાઓનું વિતરણ કરીને સમાચારમાં ઝળક્યા હતા.વિહિપના ઉત્તર પ્રદેશના અધ્યક્ષ રાઘવેન્દ્રસિંહે કહ્યું હતું કે અવનિદ્રપ્રતાપસિંહ ઉર્ફે અજ્જુ ચૌહાણને બજરંગ દળની તમામ જવાબદારીઓમાંથી મુક્ત કરી દેવાયા છે.વિહપે ચૌહાણને ધર્મ જાગરણ મંચમાં મોકલી દીધા છે.

# કોર્ટોને આઇટીથી સજ્જ કરીને કેસનો ઝડપી નિકાલ કરાશે

દેશની અદાલતોમાં લાખોની સંખ્યામાં પેન્ડીંગ કેસનો ઝડપી નિકાલ કરવા માટે કેબિનેટે કોર્ટ રુમના કમ્પ્યુટરાઇઝેશન અને કોર્ટ રુમને જેલ સાથે વિડીયો કોન્ફરન્સીંગથી જોડવાની સવલત માટેના બે પ્રોજેકટને મંજુરી આપી દીધી છે.કેબિનેટે ૧૬૭૦કરોડ રુપીયાના અંદાજીત ખર્ચ સાથેના ઇંકોર્ટ મિશન મોડ પ્રોજેક્ટને મંજુરી આપી દીધી છે. આ પ્રોજેક્ટ અંતગર્ત યુનીવર્સલ કમ્પ્યુટરાઇઝેશન કલાઉડ કમ્પ્યુટીંગનો ઉપયોગ, કેસ રેકોર્ડસનું ડીજીટાઇઝેશન અને ઇ-ફાઇલીંગ, ઇ-પેમેન્ટ,ગેટવે અને મોબાઇલ એપ્લીકેશન વગેરેની મદદથી મહત્તમ પ્રક્રિયા ઓનલાઇન બનાવાશે.

ઇકોર્ટના બીજા તબક્કામાં ઓટોમેશન થશે જેના દ્રારા કોર્ટની કામગીરી વધુ સારી બનશે.અને દરેક કેસનું વધુ સારુ સંચાલન થશે.તમામ કોર્ટ પરિસરમાં અને સબંધિત જેલમાં ટચબેઝ્ડ કિયોક્સ અને વીડીયો કોન્ફરન્સીંગ ફેસીલીટી ઉભી કરાશેદેશની અદાલતોમાં લાખોની સંખ્યામાં કોર્ટ પેન્ડીંગ પડ્યા છે.ન્યાયતંત્રમાં ઝડપ આવે તે જરુરી છે.લોકોનો ન્યાયતંત્રમાં વિશ્વાસ કાયમ રહે તે જોવું જરુરી છે.

મોએઆઇનું સ્ટેચ્યુ વિશ્વના સૌથી ઊંચા શિલ્પોમાં સ્થાન ધરાવે છે.ઇ.સ.પુર્વે ૧૨૫૦ થી ૧૫૦૦ની વચ્ચે આ શિલ્પ બનાવવામાં આવ્યું હતું. આ સ્ટેચ્યુ તે સમયના પુર્વજોની ઝાંખી કરાવે છે.

રશિયામાં આવેલા શ્વેતરણમાં માઇનસ ૨ ડીગ્રી સેન્ટીગ્રેડ જેટલું તાપમાન હોય છે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# સરકારી સેવા નિયત સમયમાં નહીં મળે તો અધિકારીઓ દંડાશે

ભાજપની સરકારે ૨૦૧૩માં જાહેર સેવાઓ માટે નાગરિકોના અધિકારો અંગેનો કાયદો પસાર કર્યા બાદ બે વર્ષે તેનું જાહેરનામુ બહાર પાડવાનું યાદ આવ્યું છે.જેમાં નાગરિકોને મળતી વિવિધ સેવા કેટલા સમયમાં મળવી જોઇએ અને જે નહી મળે તો બેજવાદાર અધિકારીઓને કઇ સજા કે દંડ કરવામાં આવશે તેના નિયમો નક્કી કરવામાં આવશે અને સેવા ન મળવા બદલ વળતર મળશે. ચુંટણીઓ નજીક આવતી જાય તેમ રાજ્ય સરકારે નાગરિકોના અધિકારો માટે કેટલી જાગૃત છે તે બતાવવા માટે એક પછી એક પગલાં લઇ રહ્યા છે.

વિવિધ સેવાઓને લગતું જાહેરનામુ બહાર પાડવાનો નિર્ણય મંત્રી મંડળની બેઠકમાં લેવામાં આવ્યો હતો.અગાઉ પસાર કરાયેલા કાયદામાં અધિકારીને એક હજાર રુપીયાથી લઇને દસ હજાર રુપીયા સુધીના દંડની જોગવાઇ કરવામાં આવી હતી તે પણ હવે લાગુ કરવામાં આવશે.

પ્રવક્તા મંત્રી નીતીન પટેલે આ અંગે માહીતી આપતાં જણાવ્યું હતું કે નાગરિક અધિકારને લગતો જે કાયદો પસાર કરવામાં આવ્યો હતો તેનું હવે ટુંક સમયમાં જાહેરનામું બહાર પાડવામાં આવશે. જેમાં વિવિધ સેવાઓને આવરી લેવામાં આવશે. જેમાં નાગરિકોને સુનિશ્ચિત સમયમાં તેમનો અધિકાર મળે તો અંગેની બાબતોનો સમાવેશ કરાશે.કઇ ઓથોરીટીને તે લાગુ પડશે અને કઇ સેવાઓ તેમાં આવરી લેવાશે તે બાબતો પણ નક્કી કરવામાં આવી રહી છે.એપ્રિલ ૨૦૧૩માં આ કાયદો પસાર કરાયો હતો.જો કે તેનું જાહેરનામું બહાર નપડતાં તે કાગળ પર જ હતો.મધ્યપ્રદેશ, કેરળ અને પંજાબ જેવા રાજ્યોએ તેનો અમલ કેટલાય વર્ષોથી શરુ કર્યો છે.

નાગરિકની અરજી અને ફરિયાદ બંન્નેનું યોગ્ય સમયમાં નિરાકરણ નહીં લાવી શકનારને યોગ્ય સત્તાધીશો દંડ ફટકારી શકશે. જેની રકમ એક હજારથી દસ હજાર સુધીની હશે. જો અધિકારી કોઇ ચોક્કસ કારણ વિના નાગરિકની અરજી કે ફરિયાદનું નિવારણ કરવામાં નિષ્ફળ ગયા છે તેમ લાગશે ત્યારે આ દંડની સજા કરવામાં આવશે.

કાયદો લાગુ પડતાં સરકાર મોટાભાગની સરકારી સેવાને તેમાં આવરી લેશે.જેના કારણે દાખલા તરીકે રેશનકાર્ડ માટે અરજી કરી હોય તો કેટલા દિવસમાં મળવું જોઇએ કે સાત બારનો ઉતારો માગ્યો હોય તો કેટલાક દિવસોમાં મળવો જોઇએ તેની સમયમર્યાદા નક્કી કરી દેવામાંાવશે. તેના કારણે નાગરિકોને તે સેવા ઝડપથી અને ક્ષતિરહિત ઉપલબ્ધ થશે.જો તેમ નહીં કરવામં આવે અને તેને ફરિયાદ કરવી હશે તો દરેક પબ્લિક ઓથોરીટીએ જનફરિયાદ નિવારણ અધિકારી ફરિજીયાત નિયુક્ત કરવા પડશે.જે યોગ્ય રીતે દેખાય કે મળી શકે તેમ હોવો જોઇએ. નાગરિકોની ફરિયાદ માટે તેમનું નામ,નંબર અને ઇ મેઇલ એડ્રેસ પણ ઉપલબ્ધ કરાવવા પડશે.

પંચાયતથી લઇને રાજ્ય કક્ષા સુધીની કચેરીઓમાં પબ્લીક ગ્રીવન્સિસ રિડ્રેસલ ઓફીસરની નિમણુંક કરવી પડશે.જે નાગરિકોને તેમની જે તે સેવા અંગેની મૌખિક ફરિયાદ લખવામાં પણ મદદ કરશે.અધિકારી નાગરિકોની ફરિયાદ નિશ્ચિત સમયમાં તેને મળવી જોઇતી સેવા મળી છે કે નહી તે માટે જે તે અધિકારીની જવાબદારી નક્કી કરશે. ૩૦ દિવસમાં તેનો ઉકેલ લાવવાનો રહેશે.નાગરિકને તેને નહીં મળેલી સેવા બદલ વળતર પણ મળી શકશે.

કાયદા મુજબ સરકાર દ્વારા અપાતી કે સરકારી ગ્રાન્ટથી ચાલતી સંસ્થા દ્વારા અપાતી તમામ પ્રકારની સેવાઓનો તેમાં સમાવેશ થાય છે.જેમાં ૧૫ જેટલા વિભાગોની ૪૦૦ જેટલી સેવાનો સમાવેશ થાય છે.જેમાં કેટલીક એક જ દિવસમાં ઉપલબ્ધ કરાવવી પડશે. રેશનકાર્ડ, જન્મ-મરણ પ્રમાણપાત્રા, ડ્રાઇવીંગ લાયસંસ,પોલીસની પરમીશન માટેની અરજી,સાત-બાર વિગેરેના ઉતારાની નકલ,વિધવા સહાય, ક્રીમી લેયર સર્ટીફીકેટ વિગેરે ઉપરાંત પબ્લીક ઓથોરીટીમાં આવતી તમામ સંસ્થાઓ દ્વારા અપાતી સેવાઓને પણ તબક્કાવાર તેમાં આવરી લેવાશે.

ખરેખર નાગરિકોને સરકાર અધિકાર આપશે કે કેમ અને તે માટે સરકારી અધિકારીઓ તત્પર રહેશે કે કેમ તે સમય આવતાં ખબર પડશે.નાગરિકોને અધિકાર આપતા અનેક કાયદાઓ થયા પરતુ તેના ફાયદાઓ હજુ સુધી મળ્યા નથી.


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬


# લિવ-ઇન રિલેશનશીપ કોઇ ગુનો નથી : સુપ્રીમ કોર્ટ

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે લિવ-ઈન રિલેશનશિપ માટે પોતાનું મંતવ્ય જણાવ્યું હતું કે લિવ-ઈન રિલેશનશીપ સમાજમાં સ્વીકાર થવા લાગી છે. અને તેને ગુનો માની શકાય નહીં.હાલના આધુનિક યુગમાં તે સ્વીકારપાત્ર ઘટના બની ગઇ છે તે ગુનો નથી.

જસ્ટીસ દિપક મિશ્રા અને પ્રફુલ્લા સી.પંતની બનેલી બેન્ચે આ ટિપણણી કરી હતી. જો કે તેણે સરકારને એવો સવાલ કર્યો હતો કે કોઇ જાહેર હસ્તીના લિવ-ઈન રિલેશનશીપને જાહેર કરવાથી માનહાનિનો ગુનો બને છે કે કેમ ? એટર્ની જનરલ મુકુલ રોહતગીએ કોર્ટના આ સવાલના જવાબમાં કહ્યું કે લોકોએ જાહેર જીવનથી જોડાયેલા લોકોના ખાનગી જીવનમાં ડોકિયું ન કરવું જોઇએ.અને એમ કરવાથી કોઇ જનહિતનું કામ થતું નથી.

આ કેસમાં અરજીકર્તાએ માનહાનિના ગુનાખોરીના કાયદાને રદ કરવાની માંગણી કરી છે. જો કે તેનો વિરોધ કરતાં એટર્ની જનરલે કહયું કે એમ કરવાથી સમાજમાં અરાજકતાની સ્થિતિ પેદા થઇ જશે.

જો કે દેશના મહાનગરોમાં લિવ-ઈન રીલેશનશીપનો વ્યાપ વધી ગયો છે.પરિણામે સમાજ વ્યવસ્થામાં અરાજકતા સ્થપાય તેવી બાબત તો બને છે. પરંતુ હવે જ્યારે સુપ્રીમ કોર્ટે વ્યાખ્યા આપી છે કે આ બાબત ગુનો નથી તેથી લવ ઈન રિલેશનશીપને કાયદેસર રીતે લોકો અપનાવતા જશે અને તેનો વ્યાપ વધી જશે.સમાજે આ બાબતે સજાગ બનવું પડશે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર
બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.